Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :19• Date : 28-09-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# કેનેડા ઉચ્ચ શિક્ષણ માટે જનારા ગુજરાતી વિદ્યાર્થીઓની પેટર્ન બદલાઈ

અમદાવાદ,

કેનેડા અમેરિકા વચ્ચે સ્થિતિ વણસતા જે એડવાઈઝરી જાહેર કરાઈ છે, તેમાં કેનેડા જવા માંગતા અનેક વિદ્યાર્થીઓ અટવાયા છે. આ વર્ષે વિદ્યાર્થીઓએ જાન્યુઆરી સત્ર માટે ફી જ ભરી નથી. વિદ્યાર્થીઓએ કોલેજની ફી ભરીને જવાનું ટાળ્યું છે. આ કારણે વિદ્યાર્થીઓનું એક વર્ષ બગડે તેવી સ્થિતિ ઉભી છે.

કેનેડામાં ગુજરાતી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે કેનેડા ભારતીય વિદ્યાર્થીઓમાં પ્રિય છે. ગુજરાતમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ કેનેડા જાય છે. પરંતુ હાલનો વિવાદ લોકોમાં મૂંઝવણ ઉભો કરી રહ્યો છે. કેટલાક વિદ્યાર્થીઓ હાલમાં પ્રવેશ લેવાનું ટાળી રહ્યા છે અને આવતા વર્ષ સુધી રાહ જોવાનું નક્કી કર્યું છે. આ તણાવને કારણે કેટલાક વિદ્યાર્થીઓના અભ્યાસના આયોજનને અસર થઈ છે. બન્ને દેશો વચ્ચે ઉભા થયેલા ખટરાગના કારણે તો કેનેડા માટેની ઈક્વાયરી પણ ઓછી થઈ ગઈ છે. પરંતુ જેણે એડમિશન લઈ લીધા છે તેમને ગયા વગર છૂટકો નથી. આવામાં આગામી સમયની અંદર જાન્યુઆરી મહિનામાં કેનેડાની તમામ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના એડમિશન લેવાઈ ગયા છે તેઓ પણ ચિંતિત છે. કેનેડા જવા માંગતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં મોટું ટેન્શન જોવા મળી રહ્યું છે. હાલની સ્થિતિને પગલે જે વિદ્યાર્થીઓ જાન્યુઆરીના સત્રમાં એડમિશન લેવા માંગતા હોય તે વિદ્યાર્થીઓ હાલ કેનેડા જવાનું ટાળી રહ્યાં છે.

આ કારણે અનેક વિદ્યાર્થીઓ ફી ભરી નથી. તો વિઝા માટેની પ્રોસેસ કરવાનું પણ ટાળ્યું છે. કેનેડાની યુનિવર્સિટી અને કોલેજોમાં સપ્ટેમ્બર, જાન્યુઆરી અને મે એમ ત્રણ ઈન્ટેક હય છે. સપ્ટેમ્બર ઈન્ટેક માટે તો વિદ્યાર્થીઓ કેનેડા પહોંચીગ યા છે, પરંતું ત્યા પહોંચ્યા બાદ જ સ્થિતિ વણસતા એડવાઈઝરી જાહેર કરાઈ છે. તો બીજી તરફ, જેમણે કેનેડાની વિવિધ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ માટે સપ્ટેમ્બર સીઝન અને શિયાળાની સીઝન માટે એડમિશન લેવા માટે રજિસ્ટ્રએશન કરાવ્યું છે, તેમને વધુ ટેન્શન છે. આ વિશે ફેડરેશન ઓફ એસોસિયેશન ઈન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટીએ જણાવ્યું કે, આ સમયે પ્રવર્તતી પરિસ્થિતિ પ્રવાસનને અસર કરશે.

ઘણા લોકો પહેલેથી જ બુકિંગ કરાવી ચૂક્યા છે. તો ઘણાના પાસપોર્ટ દૂતાવાસમાં પડ્યા છે. ઘણી ફલાઈટ પણ કેન્સલ થઈ છે. મુસાફરી કરવામાં આવશે કે નહિ તેની કોઈ સ્પષ્ટતા નથી. ખાસ કરીને જેમની પાસે પહેલેથી જ વિઝા છે તેમના માટે. ગુજરાતમાંથી દર વર્ષે ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે કેનેડા જાય છે. પરંતુ તાજેતરના આંતરરાષ્ટ્રીય વિવાદે વિદ્યાર્થીઓને ચિંતામાં મૂકી દીધા છે. જેઓ સપ્ટેમ્બરમાં પ્રવેશ લેવાના હતા તેમની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. તો હવે વારો આગામી પ્રવેશનો જ આવશે. કેનેડા અને ભારત વચ્ચેના તાજેતરના રાજદ્વારી તણાવ વિદ્યાર્થીઓ માટે ચિંતાજનક છે, પરંતુ તેઓને ખાસ અસર થવાની શક્યતા નથી. કેનેડામાં સપ્ટેમ્બર માટે એન્ટ્રી લેવામાં આવી ચૂકી છે. હવે બધાની નજર એડમિશન માટેના નવા ડિસેમ્બર-જાન્યુઆરી સ્લોટ પર છે. આશા છે કે ત્યાં સુધીમાં બધું સારું થઈ જશે.

### ભારતીય દૂતાવાસની બહાર ખડકી દેવાયો ચુસ્ત બંદોબસ્ત

# કેનેડામાં ખાલિસ્તાની સમર્થકો દ્વારા શરૂ કરાયું વિરોધ પ્રદર્શન

### કેનેડામાં ભારતીય દૂતાવાસની બહાર નિજ્જરની હત્યા સામે ખાલિસ્તાન સમર્થકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું

ઓટાવા,

કેનેડા અને ભારત વચ્ચેનો તણાવ ઓછો થઈ રહ્યો નથી. બંને દેશોએ એકબીજાના ટોચના રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે. દરમિયાન ડઝનબંધ ખાલિસ્તાન સમર્થકોએ વાનકુવરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસની બહાર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. રિપોર્ટ્સ અનુસાર ખાલિસ્તાની સંગઠન દ્વારા આ વિરોધ પ્રદર્શન ઓટાવા, ટોરન્ટો અને વાનકુવરમાં થઈ રહ્યા છે, જેના કારણે ભારે સુરક્ષા તૈનાત કરવામાં આવી છે. આ દરમિયાન એમને ઝંડા લહેરાવ્યા, ગીત વગાડ્યું અને સૂત્રોચ્ચાર કર્યા તો સાથે જ કેટલાક પ્રદર્શનકારીઓએ ભારતીય વાણિજ્ય દૂતાવાસની બહાર ભારતીય ધ્વજનું અપમાન કર્યું હતું. આવો જ વિરોધ ટોરોન્ટોમાં થયો હતો. દરમિયાન, વાનકુવર પોલીસ વિભાગે ભારતીય કોન્સ્યુલેટ ખાતે સુરક્ષા વધારી દીધી છે અને સાવચેતીના ભાગરૂપે નજીકના રસ્તાઓ બંધ કરી દીધા છે. ભારતીય દૂતાવાસોને બેરિકેડ કરવામાં આવ્યા છે અને પોલીસ અને ફેડરલ પોલીસ સ્થળ પર તૈનાત છે. કેનેડિયન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હોવે સ્ટ્રીટ પર



ભારતીય વાણિજ્ય દૂતાવાસના પ્રવેશદ્વારને રોકવા માટે બેરિકેડ લગાવવામાં આવ્યા છે. સમાચાર અનુસાર, વિશ્વ શીખ સંગઠને ઉશ્કેરણી અને દખલગીરીની સંભાવનાને લઈને પહેલેથી જ ચેતવણી જાહેર કરી દીધી છે. જેથી પોલીસ પહેલાથી જ સતર્ક હતી. ખાલિસ્તાન હિમાયત સંસ્થા શીખ ફોર જસ્ટિસના નિર્દેશક જતિન્દર સિંહ ગ્રેવાલે રવિવારે કહ્યું હતું કે નિજ્જરની હત્યા અંગે જનજાગૃતિ વધારવા માટે ટોરોન્ટો, ઓટાવા અને વાનકુવરમાં ભારતીય દૂતાવાસોની બહાર પ્રદર્શન કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે અમે ભારતીય રાજદૂતને હાંકી કાઢવાની માંગ કરી રહ્યા છીએ.

જણાવી દઈએ કે તાજેતરમાં જ ખાલિસ્તાન સમર્થક નિજ્જરની કેટલાક લોકોએ હત્યા કરી હતી. જે અંગે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું હતું કે આ હત્યા પાછળ ભારતનો હાથ છે. ટ્રૂડોએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે અમે આક્ષેપો કરી રહ્યા છીએ કે ૧૮ જૂને હરીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટો સામેલ હોઈ શકે છે. આ દરમિયાન કેનેડાના વિદેશ મંત્રીએ ભારતીય ગુપ્તચર ચીફ પવન કુમાર રાયને હાંકી કાઢ્યા હતા. કેનેડાના આ નિવેદન બાદ ભારતે કહ્યું કે તેમના દ્વારા લગાવવામાં આવેલા આરોપો વાહિયાત છે. કલાકો પછી ભારતે કેનેડિયન રાજદ્વારી ઓલિવર સિલ્વેસ્ટરને હાંકી કાઢ્યા અને નવા વિઝા આપવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પછી જસ્ટિને પોતાનું નિવેદન પુનરાવર્તિત કર્યું અને કહ્યું કે તેની પાસે ભારતીય એજન્ટોને હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે જોડતી નક્કર માહિતી છે.

# દિલ્હીમાં જ્વેલર્સને ત્યાં ૨૫ કરોડની ચોરીથી ખળભળાટ

નવી દિલ્હી,

દેશની રાજધાની દિલ્હીમાં એક મોટી ચોરીનો સનસનાટી મચાવતો મામલો સામે આવ્યો છે. આ ઘટના ભોગલ વિસ્તારમાં આવેલા જ્વેલર્સને ત્યાં બની હતી. માહિતી અનુસાર મોડી રાતે આ જ્વેલર્સને ત્યાં ચોરોની ટોળકી ત્રાટકી હતી.

અહેવાલ અનુસાર લગભગ ૨૫ કરોડ રૂપિયાની ચોરી કરાઈ હોવાના દાવા થઈ રહ્યા છે. પોલીસના જણાવ્યાનુસાર ચોરોએ ઉમરાવ જ્વેલરને ત્યાં લગભગ સંપૂર્ણ પ્લાનિંગ સાથે ચોરીને અંજામ આપ્યો હતો. ચોરોએ સૌથી પહેલાં તો દીવાલમાં કાણું પાડીને ઘટનાને અંજામ આપ્યો હતો.

ચોરો અહીંથી જ શોરૂમના લોકર સુધી પહોંચ્યા હતા અને રોકડ અને દાગીનાઓ સહિત કુલ ૨૫ કરોડ રૂપિયા જેટલી રકમની ચોરી કરી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ નિઝામુદીન પોલીસ સ્ટેશનથી એક ટીમ ઘટનાસ્થળે ધસી આવી હતી અને સીસીટીવી કેમેરાની મદદથી તપાસ હાથ ધરી હતી.

## તંત્રી લેખ

# કાયદાની ભાષા

દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય વકીલ સંમેલનનું ઉદ્ઘાટન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ન્યાયિક પ્રક્રિયામાં જે ભાષાનો ઉપયોગ થાય છે, તે ન્યાય સુનિશ્ચિત કરવામાં એક મોટી ભૂમિકા નિભાવે છે, તેનાથી કદાચ જ કોઈ અસહમત થઈ શકે. આ અવસર પર તેમણે એ જણાવ્યું કે તેમની સરકાર એના પર વિચાર કરી રહી છે કે કાયદો બે પ્રકારે બનાવવામાં આવે. કાયદાનો એક મુસદ્દો એ ભાષામાં હોય, જેનો ઉપયોગ ન્યાયાલય કરે છે અને બીજો એ ભાષામાં, જેને સામાન્ય માનવી સમજી શકે. આ કામ થવું જ જોઈએ, કારણ કે ત્યારે જ સામાન્ય માનવી કાયદાઓને યોગ્ય રીતે સમજી શકશે. જોકે પ્રશ્ન એ પણ ઊઠે છેકે સામાન્ય જનને સમજમાં આવતી ભાષાનો ઉપયોગ ન્યાયાલયોમાં કેમ ન થઈ શકે? જો એવું થઈ શકે, જે આસાનીથી સંભવ જ છે, તો પછી કાયદાઓનો મુસદ્દો બે રીતે તૈયાર કરવાની જરૂરિયાત જ નહીં રહે. માત્ર કાયદાની ભાષા જ એવી ન હોવી જોઈએ, જે સામાન્ય માણસને સમજાઈ શકે, પરંતુ તેની પણ વ્યવસ્થા હોવી જોઈએ કે લોકોને તેમની ભાષામાં ન્યાય મળી શકે. નીચલી અદાલતોમાં તો એવું થાય છે, પરંતુ મોટાભાગની ઉચ્ચ અદાલતો અને સુપ્રીમ કોર્ટમાં એવું નથી થતું. ત્યાં સમસ્ત કાર્યવાહી અંગ્રેજીમાં જ થાય છે. શું એ વિચિત્ર નથી કે ઉચ્ચતર ન્યાયાલયોમાં લોકોને પોતાની ભાષામાં ન્યાય નથી મળી રહ્યો?

હાલમાં જ સુપ્રીમ કોર્ટે એવી વ્યવસ્થા કરી છે કે તેના ચુકાદાઓનો મુખ્ય હિસ્સો સ્થાનિક ભાષામાં અનુવાદ કરાવવામાં આવશે. અત્યાર સુધી તેના કેટલાય ચુકાદાઓનો હિંદી, ગુજરાતી, બાંગ્લા, તમિલ, ઉડિયા વગેરે ભાષાઓમાં અનુવાદ કરવામાં પણ આવ્યો છે, પંરતુ જરૂરિયાત એની છે કે લોકોને તેની ભાષામાં ન્યાય આપવામાં આવે અને પછી તેને અંગ્રેજીમાં અનુવાદિત કરવામાં આવે. કમ સે કમ તમામ ઉચ્ચ ન્યાયાલયોમાં તો આ કામ થવું જ જોઈએ. એ ઠીક નથી કે પહેલાં અંગ્રેજી ભાષામાં કાયદા બને પછી તેનો અનુવાદ સ્થાનિક ભાષાઓમાં થાય. આખરે એવું કેમ ન થઈ શકે કે કાયદો મૂળ તો હિંદીમાં બને, પછી તેનો અનુવાદ અન્ય ભારતીય ભાષાઓની સાથે અંગ્રેજીમાં કરવામાં આવે? જ્યારે વિશ્વના અનેક દેશોમાં સ્થાનિક ભાષામાં કાયદા બનાવવાની સાથે જ ન્યાય પણ આપી શકાય છે તો ભારતમાં એવું કેમ ન થઈ શકે? એ ઠીક નથી કે આપણા દેશમાં મોટાભાગના સરકારી કામો અંગ્રેજીમાં થાય છે. એક સમસ્યા એ પણ છે કે અંગ્રેજીથી ભારતીય ભાષાઓમાં અનુવાદ સામાન્ય માણસની સમજમાં આવે તેવી ભાષામાં નથી થઈ શકતો. કેટલીય વાર તો અનુવાદની ભાષા એટલી મુશ્કેલ હોય છે કે કશું સમજાતું નથી. આજે જ્યારે મેડિકલ અને એન્જિનિયરિંગનું ભણતર ભારતીય ભાષાઓમાં થવા લાગ્યું છે, તો પછી કાયદા પણ ભારતીય ભાષાઓમાં બનવા જોઈએ અને ઉચ્ચતર ન્યાયાલયોમાં ન્યાય પણ પોતાની ભાષામાં મળવો જોઈએ.

### સિનિયર નેતાઓને જિલ્લાવાર જવાબદારી

# લોકસભા ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસે કસી કમર



અમદાવાદ,

લોકસભા ચૂંટણીને હવે ગણતરીના જ મહીનાઓ બાકી રહ્યા છે ત્યારે ગુજરાત કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીકની ગુજરાત મુલાકાતમાં રવિવારે પ્રદેશ કાર્યાલયે મળેલ સિનિયર નેતાઓ સાથેની બેઠક બાદ ૮ નેતાઓને જે તે લોકસભામાં કોંગ્રેસ અને સંગઠનની સ્થિતિનો રિપોર્ટ તૈયાર કરવા જવાબદારી સોંપાઇ.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનીક બે દિવસની ગુજરાત મુલાકાતે છે. જેમાં તેમણે લોકસભા ચૂંટણીની તૈયારીઓની શરૂઆત કરી. રવિવારે બપોરે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષો અને વિધાનસભાના પૂર્વ નેતા વિપક્ષો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં ૮ સિનિયર નેતાઓને રાજ્યની ૨૬ લોકસભા બેઠકો માં કોંગ્રેસ અને તેના સંગઠનની સ્થિતિનો રિપોર્ટ તૈયાર કરવાની જવાબદારી સોંપી.

જિલ્લાવાર સોંપાયેલ જવાબદારી હેઠળ સિનિયર નેતાઓ જિલ્લાનો પ્રવાસ કરી જિલ્લાની સ્થાનિક પરિસ્થિતી, સંગઠનની અસરકારતા, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન સહિત વિવિધ કાર્યક્રમો અંગે બેઠક યોજશે. સ્થાનિક આગેવાનો સાથે લોકસભાની ચૂંટણી પ્રક્રિયા, સંગઠન, સામાજીક સમીકરણો અને સ્થાનિક પ્રશ્નો બાબતે ચર્ચા કરી અહેવાલ તૈયાર કરશે. જેમાં ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં ક્યાં કેટલા બદલાવની જરૂર છે? નવી ટીમમાં કેવા સભ્ય હોવા જોઈએ અને લોકસભા ચૂંટણી માટે પક્ષ કેટલો તૈયાર છે એ અંગેનો રિપોર્ટ તૈયાર કરી ૧૫ ઓક્ટોબર સુધી સુપરત કરવાનો રહેશે.

કયા સિનિયર નેતાને ક્યાં જવાબદારી?

સિનિયર નેતાઓને સોંપાયેલ જવાબદારીમાં પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે ખુદ પણ જવાબદારી સ્વીકારી

શક્તિસિંહ ગોહિલને છોટા ઉદેપુર અને ભરૂચ જિલ્લાની જવાબદારી

જગદીશ ઠાકોરને પૂર્વ-પશ્ચિમ અમદાવાદ, સાબરકાંઠાની જવાબદારી

સિદ્ધાર્થ પટેલને ખેડા, આણંદ અને મહેસાણાની જવાબદારી

અર્જૂન મોઢવાડિયાને બનાસકાંઠા, રાજકોટ, જૂનાગઢ અને કચ્છની જવાબદારી

ભરતસિંહ સોલંકીને પંચમહાલ, સુરત, વડોદરા અને નવસારીની જવાબદારી

અમિત ચાવડાને ભાવનગર, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લાની જવાબદારી

પરેશ ધાનાણીને ગાંધીનગર, પાટણ, પોરબંદર, જામનગરની જવાબદારી

સુખરામ રાઠવાને દાહોદ, બારડોલી, વલસાડ જિલ્લાની જવાબદારી

# ભાજપની બીજી યાદીમાં ત્રણ કેન્દ્રીય પ્રધાન સહિત સાત સાંસદોને ટિકિટ

નવી દિલ્હી,

આગામી મધ્ય પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં ૩૯ નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વર્ષના અંતમાં મધ્ય પ્રદેશમાં ચૂંટણીનો માહોલ જામશે. મધ્ય પ્રદેશ મોટું રાજ્ય હોવાથી ભાજપે ચૂંટણી માટે જોરદાર તૈયારી શરુ કરી દીધી છે. ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલ બીજી યાદીમાં ત્રણ કેન્દ્રિય પ્રધાન સહિત સાત સાંસદોના નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલ યાદીમાં નરેન્દ્ર સિંહ તોમર, કૈલાશ વિજયવર્ગીય, રીતી પાઠક, પ્રલ્હાદ પટેલ જેવા મોટા નામોનો પણ સમાવેશ છે. ૨૫મી સપ્ટેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભોપાલની મુલાકાત પણ લીધી હતી. તેમણે ભાજપના કાર્યકર્તાઓનું સંબોધન કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. ત્યાર બાદ સોમવારે સાંજે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપે સાંસદો સહિત કેન્દ્રિય પ્રધાનોને પણ ઉમેદવારી આપી છે. ભાજપે મુરેનના દિમાની મતદારસંઘમાંથી નરેન્દ્ર સિંહ તોમર, સતનામાંથી ગણેશ સિંહ, જબલપુર પશ્ચિમમાંથી રાકેશ સિંહ, ગદરવારમાંથી સાંસદ ઉદય પ્રતાપ સિંહ, નરસિંગપુરમાંથી પ્રલ્હાદ પટેલ અને નિવાસ મતદારસંઘમાંથી ફગ્ગન સિંહ કુલસ્તેને વિધાનસભાની ટિકીટ આપવામાં આવી છે. ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાસ વિજયવર્ગીયને ઈંદોરથી વિધાનસભાની ઉમેદવારી સોંપી છે. દેપાલપુરથી મનોજ પટેલ અને છિંદવાડામાંથી બંટી સાહૂને ટિકીટ આપાવમાં આવી છે.

### શ્રીલંકાના વિદેશમંત્રી અલી સાબરીએ કહ્યું

# ટ્રૂડોની ઝાટકણી કાઢતા શ્રીલંકાએ કહ્યું આતંકીઓ માટે સેફ હેવન છે કેનેડા

## ભારત વિરુદ્ધ પુરાવા વગર આરોપ લગાવનારા કેનેડાના પીએમ ટ્રૂડો હવે ચારેકોરથી ઘેરાતા જોવા મળી રહ્યા છે

કોલંબો,

ભારત વિરુદ્ધ પુરાવા વગર આરોપ લગાવનારા કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો હવે ચારેકોરથી ઘેરાતા જોવા મળી રહ્યા છે. આ સમગ્ર મામલે શ્રીલંકાએ ભારતનું સમર્થન કર્યું છે અને ટ્રૂડો પર આકરા પ્રહાર કર્યા છે. શ્રીલંકાના વિદેશમંત્રી અલી સાબરીએ કહ્યું કે 'કેટલાક આતંકવાદીઓને કેનેડામાં સુરક્ષિત ઠેકાણું મળી ગયું છે.

કેનેડિયન પ્રધાનમંત્રી પાસે કોઈ પુરાવા વગર કઈ પણ અપમાનજનક આરોપ લગાવવાનો આ જ ઉપાય છે. આ વાત તેમણે શ્રીલંકા માટે પણ કરી, એવું કહેવું કે શ્રીલંકામાં નરસંહાર થયો હતો તે એક ભયાનક, હળાહળ જુઠ્ઠાણું હતું. બધા જાણે છે કે અમારા દેશમાં કોઈ નરસંહાર થયો નથી.' સાબરીએ કહ્યું કે મે કાલે જોયુ કે તેમણે (ટ્રૂડો) બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન નાઝીઓ સાથે જોડાયેલા કોઈ વ્યક્તિનું જોરદાર સ્વાગત કર્યું હતું. આથી એ શંકાસ્પદ છે અને અમે ભૂતકાળમાં એ ભોગવી ચૂક્યા છીએ. મને એ વાતનું કોઈ આશ્ચર્ય નથી, ક્યારેક ક્યારેક પીએમ ટ્રૂડો અપમાનજનક આરોપો સાથે સામે આવે છે. આ અગાઉ ભારતમાં નિવર્તમાન શ્રીલંકન ઉચ્ચાયુક્ત મિલિન્ડા મોરાગોડાએ કહ્યું કે કેનેડાના આરોપો પર ભારતની પ્રતિક્રિયા ખુબ કડક અને સીધી રહી છે અને કોલંબો આ મામલે નવી દિલ્હીનું સમર્થન કરે છે. તેમણે કહ્યું કે મને લાગે છે કે ભારતની પ્રતિક્રિયા મજબૂત અને સીધી રહી છે અને જ્યાં સુધી અમારો સવાલ ચે તો અમે આ મામલે ભારતનું સમર્થન કરીએ છીએ. અત્રે જણાવવાનું કે કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો દ્વારા સોમવારે (૧૮ સપ્ટેમ્બર)ના રોજ ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકાર સામેલ હોવાના આરોપ બાદ બંને દેશો વચ્ચે સંબંધ ખુબ તણાવપૂર્ણ બન્યા છે.

## ND vs AUS: ત્રીજી ODI માં ગિલ નહીં કરે ઓપનિંગ

# રોહિત શર્માનો ઓપનિંગ પાર્ટનર ઈશાન કિશન હશે

### ભારતે શ્રેણીની પ્રથમ બંને વનડે જીતી લીધી છે : હવે તેનું લક્ષ્ય ત્રીજી વનડે જીતીને ૩-૦થી ક્લીન સ્વીપ કરવાનું છે




રાજકોટ,

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની શ્રેણીની ત્રીજી ODI ૨૭ સપ્ટેમ્બરે રાજકોટમાં રમાશે. ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા આ મેચથી ટીમમાં વાપસી કરશે. રોહિત સિરીઝની પ્રથમ બે મેચનો ભાગ નહોતો અને તેને અન્ય કેટલાક વરિષ્ઠ ખેલાડીઓ સાથે આરામ આપવામાં આવ્યો હતો. રાજકોટમાં યોજાનારી આ વનડે મેચમાં ઓપનિંગની જવાબદારી પણ રોહિત સંભાળશે. જોકે, તેનો ઓપનિંગ પાર્ટનર શુભમન ગિલ નહીં, પરંતુ યુવા ખેલાડી હશે.

ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીની પ્રથમ બંને વનડે જીતી લીધી છે. હવે તેનું લક્ષ્ય ત્રીજી વનડે જીતીને ૩-૦થી ક્લીન સ્વીપ કરવાનું છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો ૨૭મી સપ્ટેમ્બરે રાજકોટના SCA સ્ટેડિયમમાં પ્રવેશ કરશે. રોહિત શર્મા કેપ્ટન તરીકે ટીમ ઈન્ડિયામાં વાપસી કરશે. આ પહેલા કેએલ રાહુલે ટીમની કમાન સંભાળી હતી અને બંને વનડેમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. દરમિયાન, મોટી અપડેટ એ છે કે શુભમન ગિલ ત્રીજી વનડેમાં રોહિત શર્માનો ઓપનિંગ પાર્ટનર નહીં હોય. તેની જગ્યાએ ઈશાન કિશન આ જવાબદારી સંભાળશે. શ્રેણીની પ્રથમ બે વનડેમાં રોહિતની ગેરહાજરીમાં રૂતુરાજ ગાયકવાડે શુભમન ગિલ સાથે ઓપનિંગ કરી હતી. અન્ય અપડેટ એ છે કે અક્ષર પટેલ વર્તમાન સિરીઝની છેલ્લી મેચ રમવા માટે પણ ફિટ નથી. રોહિત ઉપરાંત મહાન બેટ્સમેન વિરાટ કોહલી અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પણ ટીમમાં વાપસી કરશે. મોહાલી અને ઈન્દોરમાં આસાન જીત નોંધાવ્યા બાદ, ભારત ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦થી અજેય લીડ ધરાવે છે. ત્રીજી વનડેમાં કેપ્ટન રોહિત શર્મા વાપસી કરશે અને તે કેએલ રાહુલની જગ્યાએ ટીમ ઈન્ડિયાની કમાન સંભાળશે. તેના સિવાય કુલદીપ યાદવ પણ ટીમમાં વાપસી કરશે.

# અંબાજીમાં પદયાત્રીઓ માટે ફાઈવ સ્ટાર હોટલ જેવા કેમ્પ

બનાસકાંઠા,

ભક્તિ શક્તિ અને આસ્થાન કેન્દ્ર સમાં જગતજનની માં અંબાના ધામમાં ભાદરવી પૂનમના મહામેળાની શરૂઆત થતા જ લાખો ભક્તો માં અંબાના ધામમાં ઉમટી પડ્યા છે ભક્તો નાચતા ગાતા ઢોલ નગારા સાથે માં ના ધામમાં મંદિર પરિસરમાં આવી પહોંચ્યા છે ભક્તો અંબાના ધામમાં આવતા તેમનામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે..

સુરતના ઓલપાડથી ૧૩ દિવસ પગપાળા યાત્રા કરીને ૫૦ લોકોનો સંઘ માં અંબાના ધામમાં આવી પહોંચ્યો છે વરસાદ માં પણ આ સંઘના ભક્તો સતત ચાલતા રહ્યા અને ૧૩ દિવસ બાદ માં અંબાના ધામ આવીને માતાજીના દર્શન કરીને ભક્તોએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવીને ધન્યતા અનુભવી. ૧૩ ગજની ધજા લઈને આવેલા ભક્તો માતાજીને ધજા અર્પણ કરશે. ભક્તોનું કહેવું છે અમે સતત ૧૩ દિવસ ચાલીને માંના ધામમાં પહોંચીને દર્શન કર્યા છે જેથી અમારો તમામ થાક ઉતરી ગયો છે અમે છેલ્લા ૩ વર્ષથી ૫૦ લોકોનો સંઘ લઈને આવીએ છીએ અમને ખુબજ મજા આવે છે માતાજી તમામ ભક્તો ઉપર પોતાની કૃપા બનાવી રાખે..જોકે સંઘમાં ૭૦ વર્ષની ઉંમરના લોકો પણ જોડાઈને ૧૩ દિવસ ચાલીને અંબાજી પહોંચ્યા છે. વિશ્વ પ્રસિદ્ધ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મહામેળો યોજાવવાનો છે ત્યારે લાખો ભક્તો પગપાળા ચાલીને માં અંબાના ચરણોમાં શીશ ઝુકાવે છે ત્યારે પગપાળા અંબાજી જઈ રહ્યા માઈ ભક્તો માટે અંબાજીના માર્ગો ઉપર ઠેર -ઠેર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો બનાવવાનું શરૂ કરી દેવાયું છે જયાં ભક્તો માટે ચા -નાસ્તા ,ભોજન સહીત આરામ જેવી અનેક સગવડો પુરી પાડવામાં આવશે તો સેવા કેમ્પોના સંચાલકો પદયાત્રીઓની સેવા કરવા આતુર બન્યા છે. ગુજરાતભરમાંથી અને બહારના રાજ્યમાંથી પણ અનેક ભક્તો અંબાજીના દર્શને કરવા પગપાળા યાત્રા કરશે ત્યારે લાંબું અંતર કાપીને આવતાં ભક્તોની સેવા કરવી એ પણ મહામૂલો અવસર છે એમ માનીને અનેક સેવાર્થીઓ પણ તેમને માટે અંબાજીના માર્ગો ઉપર રાહત અને સેવા કેમ્પોમાં બન્યા છે. ચાલતાં આવતાં ભક્તોની સેવા માટે ઉત્તર ગુજરાતના રસ્તાઓ પર 'ફાઈવ સ્ટાર' કેમ્પનું આયોજન કરાયું છે. પદયાત્રીઓને જમવાની, આરામની સુવિધા, ઠંડુ પાણી, દવાઓ, પગને આરામ આપવા માટે મસાજ વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

### એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનો ઉત્કૃષ્ટ દેખાવ જારી

# હોર્સ રાઈડિંગમાં ૪૧ વર્ષ બાદ ગોલ્ડ જીતીને ભારતે ઈતિહાસ રચ્યો

### ભારતીય હોર્સ રાઈડર સુદીપ્તી હજેલા, દિવ્યકીર્તિ સિંહ, અનુશ અગ્રવાલ અને હૃદય છેડાએ ભારતને ગોલ્ડ મેડલ જીત્યો

હાઉઝોંગ,

એશિયન ગેમ્સ ૨૦૨૩ના ત્રીજા દિવસે ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. ભારતે ત્રીજા દિવસે ત્રીજો ગોલ્ડ મેડલ જીત્યો છે. ભારતની હોર્સ રાઈડિંગ ટીમે ૪૧ વર્ષ બાદ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. ભારતીય હોર્સ રાઈડર સુદીપ્તી હજેલા, દિવ્યકીર્તિ સિંહ, અનુશ અગ્રવાલ અને હૃદય છેડાએ ભારતને ગોલ્ડ મેડલ જીતાવ્યો છે.

ભારતે હોર્સ રાઈડિંગના ૪૧ વર્ષોના ઈતિહાસમાં એશિયન ગેમ્સમાં પહેલીવાર ગોલ્ડ મેડલ જીત્યો છે. ભારતીય હોર્સ રાઇડરોએ ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતીય હોર્સ રાઈડિંગ ટીમે ૨૦૯.૨૦૫ પોઈન્ટ્સ મેળવ્યા હતા. દિવ્યકીર્તિને ૬૮.૧૭૬, હૃદયને ૬૯.૯૪૧ અને અનુશને ૭૧.૦૮૮



પોઈન્ટ્સ મળ્યા હતા. ભારતીય ટીમ ચીનથી ૪.૫ પોઈન્ટ્સ આગળ રહી હતી. ભારતને પહેલા મહિલા ક્રિકેટ ટીમે ગોલ્ડ મેડલ જીતાવ્યો હતો. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ફાઈનલ મેચમાં શ્રીલંકાને ૧૯ રને હરાવ્યું હતું. આ પહેલા ભારતે શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. હવે ટીમ ઈન્ડિયા પાસે કુલ ૧૪ મેડલ છે. ભારત પાસે ૩ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ છે. ભારતને આજે સેલિંગમાં ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.

# આ ફેમસ પિત્ઝા બ્રાન્ડના પિત્ઝામાં ફરી જીવડું દેખાયું

અમદાવાદ,

બહારના પિઝા ખાતા પહેલા ચેતજો. કારણ કે, વધુ એક વખત અમદાવાદમાં પિત્ઝામાંથી વંદો નીકળ્યો છે.

ઓનલાઈન ઓર્ડર કરેલા પિત્ઝાના બોક્સમાંથી વંદો નીકળ્યો હતો. શખ્સે ઓનલાઈન ફુડ ડિલીવરી એપ પર ઓર્ડર કર્યો હતો. અગાઉ એલિસબ્રિજના લા પીનોઝ પિઝા સેન્ટરમાં જીવાત નીકળી હતી. તો બોપલ આઉટલેટમાંથી પણ ફરિયાદ ઉઠી હતી. વંદો નીકળતા છસ્ઝના આરોગ્ય વિભાગને જાણ કરાઈ છે. અમદાવાદમાં વધુ એક વાર પિત્ઝામાંથી વંદો નીકળ્યો છે. જોધપુરના પિત્ઝા ગ્રાહકને કડવો અનુભવ થયો. ઓનલાઈન ઓર્ડર કરેલા પીત્ઝાના બોક્સમાંથી વંદો નીકળ્યો હતો.

ઓનલાઈન ફુડ ડિલીવરી એપ પર પિત્ઝા ઓર્ડર કર્યો હતો. ગત સપ્તાહે એલિસબ્રિજ લા પીનોઝ પિત્ઝા સેન્ટરમાં કીડા મકોડા જોવા મળ્યા હતા. ત્યારે શહેરના પિત્ઝા શોપ અને ડિલિવરી કરનાર વ્યક્તિ શંકાના દાયરામાં આવી છે. આ વિશે ના મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી છે. કારણ કે, બોપલમાં પણ પિત્ઝામાં ગ્રાહકોને માઠા અનુભવ થયો છે. થોડા સમય પહેલા અમદાવાદ બોપલ વિસ્તારમાં આવેલ લા પિનોઝ રેસ્ટોરન્ટમાં જીવાત નીકળવાની ઘટના બની હતી. આ ઘટના તાજી હતી, ત્યાં બે દિવસ પહેલા ગુજરાત કોલેજ પાસે આવેલ લા પિનોઝ પિત્ઝામાં યુવકોએ ઓર્ડર કરેલા પિત્ઝામાંથી જીવડા નીકળ્યા હતા. આ રેસ્ટોરન્ટમાં કેટલાક યુવકોનું ગ્રૂપ પિત્ઝા ખાવા ગયુ હતું, તેઓએ પિત્ઝાનો ઓર્ડર કર્યો હતો. પિત્ઝા આવતા જ તેઓએ બોક્સ ખોલ્યું, તો અંદરથી ધડાધડ પંદર-વીસ નાના નાના જીવડા બહાર નીકળ્યા હતા. આ બાદ યુવકોએ સ્ટાફને ફરિયાદ કરી હતી.

### ૪૦૦ સીસીટીવીથી થઈ રહ્યું છે મોનિટરિંગ

# અંબાજીમાં યાત્રીકોની સુરક્ષા માટે ૬૫૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત

## અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં લાખો ભક્તો મા અંબાના આશીર્વાદ લેવા પગપાળા પહોંચતા હોય છે



બનાસકાંઠા,

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો આજથી શરૂ થઈ ચૂક્યો છે. અંબાજી મેળામાં લાખો યાત્રાળુઓ મા અંબાના દર્શનાર્થે આવતા હોય છે. આ યાત્રાળુઓની સુખ, સુવિધા, સલામતી માટે પોલીસતંત્ર રાત દિવસ ખડેપગે કામગીરી કરી રહ્યું છે. યાત્રિકોની સલામતી સાથે સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ સજ્જ બન્યુ છે.

મેળામાં યાત્રિકોની સઘન સુરક્ષા માટે ૬૫૦૦ પોલીસ જવાનો ખડેપગે સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત મેળામાં ૪૦૦ જેટલા સીસી ટીવી કેમેરાથી યાત્રાળુઓની સલામતી માટે બાજ નજર રખાઈ રહી છે. ભાદરવી પૂનમના મેળામાં આ પાંચ દિવસ દરમિયાન સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની જાળવણી તથા યાત્રિકોની સઘન સુરક્ષા માટે મેળામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવમાં આવ્યો છે. અંબાજી મેળા દરમિયાન ૨૦ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી, ૫૪ પોલીસ ઈન્સપેક્ટર, ૧૫૦ પોલીસ સબ ઈન્સપેક્ટર સહિત પોલીસ જવાનો વિવિધ સ્થળોએ ફરજ બજાવી રહ્યા છે. આ ઉપરાંત ૦૭ બીડીએસની ટીમ, ક્યુઆર ટીમ ખડેપગે સેવા આપી રહી છે. સેવા, સુરક્ષા અને સલામતીના સુત્રને સાર્થકતા સાથે પોલીસ જવાનો દ્વારા અંબાજી મેળામાં કામગીરી કરાઈ રહી છે. જોકે મેળા નાં આ ત્રણ દિવસ માં એક અકસ્માત સિવાય કોઈ ઘટના બનવા પામેલ નથી અંબાજી અને ગબ્બરમાં કુલ ૬ વેન્ડીંગ મશીન મુકાયા છે. યાત્રિકો ભીડ અને લાઈનથી બચવા ઓનલાઈન પેમેન્ટ કરી પ્રસાદ મેળવી રહ્યા છે. શ્રદ્ધાળુઓ ઓનલાઈન ઊઈ કોડ સ્કેન કરીં તેમજ ૅઁન્ઈઁ છ૩ થી પેમેન્ટ કરી પ્રસાદ મેળવી રહ્યા છે. પ્રસાદ વાળા વેન્ડીંગ મશીન આગળ હવે રોકડા રૂપિયાની જરૂર નથી. મોબાઈલની કનેક્ટિવિટી નહિ હોય તો વેન્ડીંગ મશીન આગળ પ્રસાદ માટે રાહ જોવી પડશે. મેળાના પ્રથમ દિવસે વેન્ડીંગ મશીન દ્વારા ૧૦૦૦ લોકોએ વેન્ડીંગ મશીનનો લાભ લીધો છે. મહત્વનું છે કે, પ્રસાદના બોક્સ વિવિધ ભેટ કેન્દ્રો સહિત વેન્ડિંગ મશીન દ્વારા પણ પ્રાપ્ત થઈ શકશે. પુરવઠા અધિકારી એચ. કે. ગઢવીએ જણાવ્યું હતું કે મૂળ મંદિરના ત્રણ ભેટ કાઉન્ટર, મંદિર યજ્ઞશાળાની બાજુમાં ૨, ગણપતિ મંદિર પાસે ૧, મંદિર બહાર ૭ નંબર ગેટ પાસે ૧, મુખ્ય શક્તિદ્વાર, વી. આઈ. પી. પ્લાઝા નજીક ૧ સહિત જુદા જુદા બે વેડિંગ મશીન દ્વારા પણ ભક્તોને માતાજીનો પ્રસાદ મળી રહેશે.

### ત્રિશુલિયા ઘાટમાં ટ્રક પલટી ગઈ

# અંબાજી જવાના રસ્તા સતત બીજા દિવસે અકસ્માત થયો

અંબાજી ,

ભાદરવી પૂનમના મેળોના આજે ચોથો દિવસ છે. છેલ્લાં ૩ દિવસમાં સાડા ૧૩ લાખથી વધુ માઈભક્તોએ જગત જનની જગદંબાના દર્શન કર્યા છે. ત્યારે પદયાત્રીઓના માર્ગે સતત બીજા દિવસે અકસ્માત સર્જાયો છે. અંબાજી નજીક સતત બીજા દિવસે અકસ્માતની ઘટના બની છે. ત્રિશૂળિયા ઘાટ નજીક ટ્રક પલટી ગઈ હતી. મંડપનો સામાન ભરેલી ટ્રક પલટી જતાં ૨ લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને દાંતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અંબાજી જવાના રસ્તે ત્રિશુલિયા ઘાટ પર આ અકસ્માતની ઘટના બની હતી. ત્રિશુલ્યા ઘાટમાં સામાન ભરેલી ટ્રક પલ્ટી ગઈ હતી. મંડપનો સામાન ભરેલી ટ્રકની બ્રેક ફેલ થઈ હતી, જેથી ટ્રક પલટી ખાઈ ગઈ હતી, અને તમામ સામાન નીચે પડ્યો હતો. બ્રેક ફેલ થઈ જતાં આ અકસ્માત સર્જાયો હતો. ટ્રકમાં સવાર બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. બંનેને દાંતા હોસ્પિટલમાં ખસેડાયા છે. ટ્રક અંબાજીથી દાંતા તરફ જઈ૨ હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. જોકે, મોટી દુર્ઘટના થતા રહી હતી, હાલ કોઈ જાનહાનિનાં સમાચાર નથી. ઘટનાને પગલે પોલીસ પહોંચી હતી અને સ્થિતિમાં કાબૂમાં લીધી હતી. ઉલ્લેખનીય છે કે, ભાદરવી પૂનમનો રંગેચંગે પ્રારંભ થયો છે.

હાલ પદયાત્રી પોતાના રથ લઈને અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યાં છે. ત્યારે ભાદરવી પૂનમના મેળાના બીજા દિવસે પણ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતા બસના બે ટુકડા થયા હતા, જેમાં સવાર ૪૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. હાલમાં અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો ચાલી રહ્યો છે. ત્યારે લાખો માઈભક્તોએ મા અંબાના દર્શન કર્યા છે. ત્યારે યાત્રાળુઓની સુખ, સુવિધા અને સલામતી માટે પોલીસ તંત્ર રાત દિવસ ખડેપગે કામ કરી રહ્યું છે.

### જાણો હવામાન વિભાગની આગાહી

# ગુજરાતમાંથી ચોમાસાની વિદાયનું કાઉન્ટડાઉન શરૂ

અમદાવાદ,

ગુજરાતમાંથી ચોમાસાની વિદાયનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે. રાજયના પાડોશી રાજય રાજસ્થાન સરહદથી ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે. જોકે, હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજયમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. આગામી ચાર દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે અમદાવાદ, ગાંધીનગર સહિત સૌરષ્ટ્રમાં થન્ડર સ્ટ્રોમ પણ થઈ શકે છે. જેના કારણે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સોમવારે બપોરે અમદાવાદ કેન્દ્રના હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહન્તીએ ગુજરાતમાં પાંચ દિવસ કેવું હવામાન રહેશે તે અંગેની આગાહી કરી હતી. જેમા તેમણે હવામાન અંગે આગાહી કરતા જણાવ્યુ કે, રાજયમાં આગામી પાંચ દિવસ વરસાદ થવાની સંભાવના છે. તો જોઈએ આજથી ચાર દિવસ કયા કયા વિસ્તારોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે, ભેજના કારણે હાલ ગુજરાતમાં વરસાદી માહોલ રચાયો છે. હાલ ગુજરાતને ભારે વરસાદ આપી શકે તેવી કોઈ સિસ્ટમ એક્ટિવ નથી પરંતુ રાજયમાં હાલ ભેજને કારણે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતમાં સારોવરસાદ પડી શકે છે. સુરત અને ભરૂચમાં પણ સારા વરસાદની આગાહી છે. બનાસકાંઠા, સાબરકાંઠામાં મધ્યમ વરસાદ થઈ શકે છે. તો અમદાવાદમાં મધ્યમથી સામાન્ય વરસાદની આગાહી છે. તો સૌરાષ્ટ્ર-કચ્છના કાંઠા વિસ્તારમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અને ૨૭મીએ નર્મદા, તાપી જિલ્લામાં બે દિવસ ભારે વરસાદની આગાહી છે. ૨૮ સપ્ટેમ્બરે ડાંગ અને વલસાડમાં ભારે વરસાદની આગાહી છે. મનોરમા મોહન્તીના જણાવ્યા પ્રમાણે, જયારે દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં થંડર સ્ટોમ એક્ટિવિટી થશે.

# ઉકાઈ ડેમ સતત પાંચમાં વર્ષે ૧૦૦ ટકા ભરાશે

સુરત,

ઉકાઈ ડેમ સતત ૫મા વર્ષે ૧૦૦ ટકા ભરાશે. આજે બપોરે ૧૨ કલાકે ડેમની સપાટી ૩૪૪.૦૬ ફૂટ પહોચી હતી. ડેમમાં પાણીની આવક ૬૩૩૫૪ કયુસેક અને જાવક પણ તેટલી જ નોંધાઈ હતી. ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે.ત્યારે હવે ઉકાઈ ડેમની જળસપાટી ભયજનકથી માત્ર એક ફૂટ જેટલી જ દૂર રહી છે.

સુરતમાં ગત મોડીરાતથી વરસાદી માહોલ જોવા મળ્યો છે, આજે બપોર સુધી શહેરના અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસી રહ્યો છે, તો બીજી તરફ આજે બપોરે ૧૨ કલાકે ઉકાઈ ડેમની જળસપાટી ૩૪૪ ફૂટ સુધી પહોચી ગઈ હતી. ઉકાઈ ડેમ સતત ૫માં વર્ષે ૧૦૦ ટકા ભરાશે. રતમાં વરસાદી માહોલ હવામાન વિભાગની આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસી રહ્યો છે. સુરત શહેરમાં ગત મોડી રાતે વરસાદ વરસ્યો હતો. જેના પગલે ઉધના, લીંબાયતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોને હાલાકી પડી હતી.વરસાદે થોડો સમય વિરામ લીધા બાદ ફરી શહેરના કાપોદ્રા, વરાછા, સરથાણા સહિતના અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, તો બીજી તરફ વરસાદી માહોલ રહેતા નોકરી-ધંધા તેમજ સ્કૂલ-કોલેજ જતા વિદ્યાર્થીઓને રેઈનકોટ તેમજ છત્રી લઈને ભારે મુશ્કેલી વચ્ચે જવાની ફરજ પડી હતી. ઉકાઈ ડેમ સતત ૫મા વર્ષે ૧૦૦ ટકા ભરાશે. આજે બપોરે ૧૨ કલાકે ડેમની સપાટી ૩૪૪.૦૬ ફૂટ પહોચી હતી. ડેમમાં પાણીની આવક ૬૩૩૫૪ કયુસેક અને જાવક પણ તેટલી જ નોંધાઈ હતી. ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya